# <u>મહે. એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.ઉના.</u>

**<u>ફોજદારી કેસ નં.૧૮૧૧/૨૦૨૨</u>**

આંક :–

શ્રી સરકાર . ..... **ફરીયાદી.**

**વિરુધ્ધ.....**

(૧) ભાવેશભાઈ બીજલભાઈ વોરા, રહે. સાજણનગર, ઉના.

(૨) ભાવેશભાઈ રાજુભાઈ વાઘેલા, રહે. ભીમપરા, તા. ઉના.

...... **આરોપીઓ**.

**ગુન્હો:<u>– જુગારધારા કલમ – ૧૨ મુજબ</u>**

***–: <u>હ રા વ</u> :–***

**(૧)** આ કામના ઉપર લખ્યા આરોપી સામે આ અદાલતની હકૂમતમાં જુગાર રમી, જુગારના સાહિત્ય સાથે દરમ્યાન પકડાઈ આવતા ધોરણસરની કાર્યવાહીના અંતે ઉપર મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે. ત્યારબાદ તપાસના અંતે આરોપી સામે ચાર્જશીટ રજુ કરતા તે હાલના કામે ફોજદારી કેસ નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોધવામાં આવેલ છે.

**(૨)** આ કામે આરોપીને સમન્સ બજી જતાં હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. અને ગુના અંગે પુછતા આરોપી/ઓએ આંક– ....... થી ........ સુધીની પ્લી–નિવેદન નોંધતા આરોપીઓએ ગુનો કબુલ કરેલ છે. અને અદાલત સમક્ષ હાજર થઈ ગુનાની કબુલાત પૂરસીસ આંક– ......... થી રજુ કરેલ છે. આ સંજોગોમાં આરોપી સામેનો ગુનો પૂરવાર થતો હોય, આરોપીને ગુનાની સજા અંગે સમજ કરવામાં આવેલ છે. આરોપીએ પોતાની પૂરસીસમાં જણાવેલ હકિકતો ધ્યાને લેતા તે ગરીબ, અભણ અને મજુર વર્ગનાં, નાની ઉંમરના કુટુંબ– કબીલા વાળા અને નાના બાલ–બચ્ચાવાળા કુટુંબની જવાબદારી વાળા અને એકમાત્ર કમાનાર વ્યકિત હોય, ગુન્હા બદલ તેને પસ્તાવો થયેલ છે. તેના પર દયારહેમ રાખવા વિનંતી કરેલી છે. મુદામાલની રોકડ અંગે કોઈ કલેઈમ કરતા ન હોવાનું પુરસીસથી જણાવેલ છે.

**(૩)** આ કામે હાલના આરોપી સામેના કેસની હકીકતો, રજુઆતો અને કબુલાતના

સંજોગો જોતા આ ગુનામાં આરોપીને કસુરવાન ઠરાવવામાં આવે છે. સજાની જોગવાઈ, સંજોગો ધ્યાને લેતા આરોપીને પુરેપુરી સજા કરવાને બદલે **નામ.ગુજરાત હાઈકોર્ટના જી. એલ.આર. ૨૦૦૫, પેજ નં.૧૦૯, ૫રના સ્ટેટ ઓફ ગુજરાત –વિ– નટવર હરચંદજી ઠકકર** ના ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ હળવી સજા કરવાનું ન્યાયોચિત જણાય છે. આમ સમગ્ર હકિકતો લક્ષમાં રાખી હાલના ઉપર લખ્યા આરોપીને ગુનો કબુલ કરતા હોય ગુનાની કબુલાતના સંજોગોને ધ્યાને લઈ નીચે મુજબનો ખાસ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના તમામ આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ જુગારધારા કલમ–૧૨(અ) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા. ૨૦૦/– ૨૦૦×૨ અંકે રુપિયા કુલ રકમ રૂપિયા ચારસો પુરાનો રોકડ દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૧ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે રજુ થયેલ મુદામાલની તમામ રોકડ રકમ સરકાર ખાલસા કરવી અને જુગારના અન્ય સાહિત્યનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સ્થળ : ઉના.
તારીખ : ૧૨/૧૧/૨૦૨૨

એડીશનલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ,
ઉના.